આંક–

# મે. મજૂર અદાલત, નડીઆદ (જી. ખેડા) ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ

**રેફરન્સ (LCN) નંબર : ૧૫૧/૨૦૨૪**

અરજદાર : કેવલકુમાર નરેન્દ્રભાઈ પટેલ,
રહે.સ્ટેશન રોડ, મુ.લીંબાસી,
તા.માતર, જી.ખેડા.

**: વિ રૂ દ્ધ :**

સામાવાળાઓ : (૧) ~~સીમા ઈલેકટ્રીકલ લાઈટીંગ પ્રોડકટસ ઈન્ડીયા પ્રા.લી.~~
માલાવાડા રોડ, મુ.લીંબાસી.
**(નં.૧ સામેનો કેસ રદ થયેલો છે.)**
(૨) ઓમશીવા એન્ટરપ્રાઈઝ,
C/O રાજકુમાર રમેશચંદ્ર જૈન (માલીકશ્રી)
નંદલાલ જડવેના મકાનની બાજુમાં,
જૈન મંદિર પાછળ, કારેલીબાગ,
વડોદરા–૩૯૦૦૧૮.

**: એ વો ર્ડ :**

આ કામના અરજદારે શ્રમ આયુકત, નડીઆદ સમક્ષ સદરહું વિવાદ ઉભો કરતા, ત્યાં સમાધાન નહી થતાં અત્રે ન્યાય નિર્ણય અર્થે આવેલ છે. આ કામે અરજદાર તરફે માંગણા નિવેદન રજુ થયેલ છે. જયારે સામાવાળા નં.૧ સીમા કંપની નેશનલ લો ટ્રીબ્યુનલ સમક્ષ પીટીશન દાખલ કરેલ હોઈ, તે અન્વયે તેઓની સામેનો કેસ રદ થયેલો છે. સદરહું કામે સામાવાળા નં.ર નો જવાબનો હકક બંધ કરવામાં આવેલો છે અને અરજદારના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલું હતું. પરંતુ અરજદારને ઘણી મુદૃતો આપવા છતાં તેઓ તરફે પોતાના માંગણા નિવેદનના સમર્થનમાં સોગંદ ઉપરનો પુરાવો રજુ કરેલો નથી

કે કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આજ રોજ પોકાર કરતા અરજદાર જાતે હાજર નથી કે તેઓ તરફે કોઈ પુરાવો રજુ થયેલો નથી. અરજદારના વિ.વ.શ્રીને પુછતા અરજદાર તેઓના સંપર્કમાં નહી હોવાનું જણાવે છે. આમ અરજદારને સદરહું કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાય આવતું નથી. આમ સદરહું કેસ અરજદારની ગેરહાજરી અને પુરાવાના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(ભાવેશ કિશોરકુમાર રાવલ )**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત, નડીઆદ.
**GJ01255**

તારીખ : ૧૬/૦૩/૨૦૨૬
નડીઆદ.
(M.D.)